માયા આહિરનું નિવેદન અને બગદાણામાં કોળી યુવાન ઉપર હુમલાની ઘટના સંદર્ભે તપાસ ટીમ 'સીટ'ની રચના

ગાંધીનગર, તા.૫

બગદાણામા નવનીત બાલધિયા નામના કોળી યુવક પર આઠ શખસો દ્વારા 29 ડિસેમ્બર, 2025ના રાત્રિના કરાયેલા હુમલાના ઘેરા પડયા પડયા છે. નવનીત બાલધિયાએ પોતાના પર થયેલા હુમલા પાછળ લોકસાહિત્યકાર માયા આહીરના પુત્ર જયરાજ આહીરનું પડયંત્ર હોવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે જ પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠાવ્યા હતા. જોકે, આ મામલે તપાસ કરવા SITની રચના કરવામાં આવી છે.

હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નવનીત બાલધિયાના 1 જાન્યુઆરી, 2026ના રોજ ખબર અંતર પૂછવા ગયેલા રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ આ મામલે સોમવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવીની મળી રજૂઆત કરવાનો નિર્ણય કર્યો હતો. આજે (5 જાન્યુઆરી) સવારે કોળી સમાજના ધારાસભ્યો અને સાંસદ સભ્ય ગાંધીનગર પરસોત્તમ સોલંકીના નિવાસસ્થાને આવી પહોંચ્યા બાદ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી આ કેસની ન્યાયિક તપાસ કરવાની માગ કરી હતી. બગદાણા ધામના સેવક નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસની ન્યાયિક તપાસ કરવાની માગ સાથે આજે કોળી સમાજના નેતાઓએ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી. જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયા, સુરેન્દ્રનગરના સાંસદ ચંદુ શિહોરા, કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા, પરસોત્તમ સોલંકી, હીરા સોલંકી સહિત 15 ધારાસભ્યોએ મળી મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ કહ્યું હતું કે, અમારી લડાઈ કોઈ સમાજ સામે નથી. કોળી સમાજના યુવક જે રીતે હુમલો થયો છે તેની ન્યાયિક તપાસ થાય તેવી અમારી માગ છે. અમે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી તપાસ કરાવવાની માગણી કરી છે. મુખ્યમંત્રી દ્વારા અમને યોગ્ય તપાસની ખાતરી આપવામાં આવી છે.

ભાવનગર સહિત સૌરાષ્ટ્રના કોળી સમાજના સાંસદ, ધારાસભ્યો, આગેવાનોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત

થર્ટીફર્સ્ટની ઉજવણી કરીને ઘરે આવીને ઊંઘી ગયેલા યુવાનના મોતની ઘટનામાં આત્મહત્યા કરાયાની શંકા

સુરત, તા.૫

ડિંડોલી ખાતે રહેતા યુવક થર્ટી ફર્સ્ટની રાત્રે મિત્રો સાથે ઉજવણી કર્યા બાદ ઘરે આવીને સૂઈ ગયો હતો. બીજા દિવસે સવારે તેના ગળાના ભાગે ઘાના ઊંડા નિશાન હોવાથી પરિવાર તેને સ્મીમેર હોસ્પિટલ લઈ ગયો હતો. જ્યા ત્ય ભર્યોરે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. પરિવારને આશંકા હતી કે, હત્યા કરવા તેના ગળા પર ઘા મારવામાં આવ્યા હતા. જેથી પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતકનું ફોરેન્સીક પીએમ કરાવ્યું હતું. પ્રાથમિક રિપોર્ટમાં યુવકે ગળાના ભાગે પોતે ચપ્પુના ઘા મારી આત્મહત્યા કરી હોવાની ડોક્ટર દ્વારા કેફિયત વ્યક્ત કરવામાં આવી હતી. હાલ ડિંડોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ગળાના ભાગે ઘા મારવાના અને ઈજાના નિશાન મળી આવ્યા હતા: આત્મહત્યા પણ હોઈ શકે, ડોક્ટરે શંકા વ્યક્ત કરી

મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ડિંડોલી ખાતે ક્રિસ્ટલ હોમમાં રહેતો ૨૩ વર્ષીય જીતેન રાજેશ શિવહરે કાપડ માર્કેટમાં નોકરી કરી પરિવારને મદદરૂપ થતો હતો. ૧લી જાન્યુઆરી ગુરૂવાર સવારે ઘરમાંતી જીતેન શિવહરે ગળાના ભાગે ચપ્પુના ઘાના નિશાન સાથે લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. તાત્કાલિક પરિવાર તેને સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો હતો. જ્યાં ગઈ કાલે બપોરે તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ડિંડોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકનું ફોરેન્સીક પીએમ કરવામાં આવ્યું હતું. પોલીસ સહિતના સૂત્રોએ જણાવ્યું હતું કે, થર્ટી ફર્સ્ટની રાત્રિએ જીતેને મિત્રો સાથે ઉજવણી પણ કરી હતી. અને ત્યારબાદ ઘરે ગયો હતો. દરમિયાન ભેદી સંજોગોમાં બીજા દિવસે સવારે ગળાના ભાગે ઈજાના નિશાન સાથે મળી આવ્યો હતો. પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું હતુ કે, મૃતક જીતેનના ગળા પર બે ઘા વાગ્યા હતા અને વધારે લોહી નીકળી જવાથી તેનું મોત થયું છે.

ગ્રાહક સુરક્ષા કાયદાના નિષ્ણાંત, સિનિયર વકીલ શ્રેયસ દેસાઈનું ચોકસી લૉ-કોલેજ દ્વારા સન્માન

સુરત, તા.૫

સુરત સ્થિત વી.ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજ દ્વારા વરિષ્ઠ વકીલ તથા ગ્રાહક સુરક્ષા કાયદાના નિષ્ણાંત શ્રેયસ દેસાઈનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એડવોકેસી ક્ષેત્રમાં તેમના 44 વર્ષના દીર્ઘ અને ગૌરવસભર કારકિર્દી તેમજ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રમાં 35 વર્ષના અવિરત અને યશસ્વી સેવા યોગદાન બદલ સન્માનપાત્ર અર્પણ કરી તેમજ શાલ ઓઢાડીને સન્માન અપાયું હતું.

હાલ વરિષ્ઠ વકીલ શ્રેયસ દેસાઈ વી.ટી. ચોકસી સાર્વજનિક લૉ કોલેજની વહીવટી સમિતિના લગભગ પાંચ વર્ષથી ચેરમેન છે. અને તેઓ આજ કોલેજના વિદ્યાર્થી તથા પાલિકાની કાયદાકીય પણ રહી ચૂક્યા છે અને આ જ સમિતિના ચેરમેન અને જાહેર કોલેજમાં તેમણે વીઝીટીંગ લેક્ચરર બાંધકામ સમિતિના વાઈસ-ચેરમેન રહી ચૂક્યા છે.

લૉ કોલેજના પ્રિન્સીપાલ ડો. ઈર્મલા દ્વારાલ અને પ્રોફેસર નિકુંજ રાઠોડએ જણાવ્યું હતું કે એડવોકેટ શ્રેયસ દેસાઈએ કાનૂની ક્ષેત્રમાં પોતાની નિષ્ઠા, નૈતિકતા અને પ્રતિબદ્ધતા દ્વારા નામના ઊભી કરી છે. તથા ગ્રાહકોના હિતોની રક્ષા માટે નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. તેમના અનુભવ/શ્રેયસ દેસાઈ વહીવટી સમિતિના માર્ગદર્શનથી અને પુરૂષાર્થથી ચેરમેન બન્યા ત્યારબાદ કોલેજે ઘણી અનેક કાયદા વિદ્યાર્થીઓ અને યુવા પ્રગતિ કરી છે. અગાઉ શ્રેયસ દેસાઇ વકીલોને પ્રેરણા મળી છે. અને સેકડો સુરત મહાનગરપાલિકાના ફોર્પોરેટર પક્ષકારોને ન્યાય મળી શક્યો છે.

શ્રેયસ દેસાઈ વી.ટી. ચોકસી લૉ કોલેજની વહીવટી સમિતિના પાંચ વર્ષથી ચેરમેન છે અને ચોકસી કોલેજના વિદ્યાર્થી પણ હતા

અમદાવાદ એડવર્ટાઈઝિંગ એસો.નો ગ્રાન્ડ એવોર્ડ-શો યોજાયો: મીડિયા પ્રોફેશનલ્સ, એડવર્ટાઈઝર્સ એક થયા

અમદાવાદ, તા.૫

અમદાવાદ એડવર્ટાઈઝિંગ વેલફેર સર્કલ એસોસિએશન (એમએસી) દ્વારા આયોજિત ભવ્ય ફેસ્ટિવલ ઓફ એડવર્ટાઈઝિંગ ૨૦૨૬ અંતર્ગત એમએસીએ મીડિયા એવોર્ડ્સ ૨૦૨૬ - ગ્રાન્ડ એવોર્ડ શોનું અમદાવાદમાં આયોજન કરાયું હતું. આ પ્રસંગ એમએસીના ૩૫ વર્ષના ગૌરવસભર પ્રવાસની ઉજવણી તરીકે ઉજવાયો.

અગ્રણી એડવર્ટાઈઝિંગ એજન્સીઓ, મીડિયા ઓનર્સ, મીડિયા પ્રોફેશનલ્સ અને એડવર્ટાઈઝર્સ એક મંચ પર એકત્રિત થયા અને ગુજરાતની એડવર્ટાઈઝિંગ ફ્રેટરનિટીએ ક્રિએટિવિટી, કોલોબ્રેશન અને વેલ્યુ-ડ્રિવન ઝોથના સાડા ત્રણ દાયકાના યોગદાનની ભવ્ય ઉજવણી કરી.આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહમાં પ્રિન્ટ, ટેલિવિઝન-સિનેમા, રેડિયો, આઉટડોર વિકાસમાં તેમના યોગદાન બદલ જેનાથી એડવર્ટાઈઝિંગ એજન્સીઓની ક્રિએટિવ જર્નીમ ગૌરવપૂર્ણ ઓળખ મળી.આ વર્ષે પ્રથમ વખત સેન્ટ્રલ ગુજરાત, સાઉથ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છની એડવર્ટાઈઝિંગ એજન્સીઓને એમએસીએ દ્વારા વિશેષ પ્લેટફોર્મ આપવામાં આવ્યું અને ઈન્ડસ્ટ્રીના પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.

ટેબલ બુક, ક્રિએટિવ સ્પાર્ક, ભ્વડ ડોનેશન પ્રાઈવ, લેજેન્ડ ટોક-શો અને એમએસીએ ક્રિકેટ કાર્નિવલ જેવી પહેલોનની જાહેરાત પણ કરવામાં આવી હતી, જે ક્રિએટિવિટી, સોશિયલ રિસ્પોન્સિબિલિટી અને ઈન્ડસ્ટ્રી કોલોબ્રેશન પ્રત્યેની એમએસીએની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.

૩૮ જેટલા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા: ૩૫ વર્ષના ગૌરવસભર પ્રવાસની એતિહાસિક ઉજવણી કરવામાં આવી

દ.ગુજરાતના ખેડૂતોને વળતર ચૂકવ્યા વગર વીજળીની લાઈનો નાંખવા સામે ખેડૂતોનો કલેક્ટર સમક્ષ વિરોધ

સુરત, તા.૫

દક્ષિણ ગુજરાતમાં હાલમાં ચાલી રહેલી પાવરગ્રીડ ટ્રાન્સમિશનની લાઈન નાંખવાની કામગીરીમાં ખેડૂતોને જમીનમાં સરકાર દ્વારા જ્યાં સુધી વળતર નક્કી કરવામાં નહીં આવે ત્યાં સુધી વીજલાઈન નાંખવાની કરવામાં આવી રહેલી કામગીરી અટકાવવાની માંગણી સાથે આજે ખેડૂતોએ જિલ્લા કલેક્ટર સમક્ષ ઉકળાટ ઠાલવ્યો હતો. અને જીલ્લા કલેક્ટર દ્વારા રચાયેલી ડિસ્ટ્રીક્ટ લેવલ વેલ્યુએશન કમિટીની કામગીરી પણ હાલ પુરતી મુલવ્યી રાખી સરકાર દ્વારા જ યોગ્ય વળતર જાહેર કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઓલપાડ, કામરેજ, માંગરોલ, બારડોલી, પલસાણા, મહુવા, માંડવી તાલુકા ગામોમાંથી પાવરગ્રીડ ટ્રાન્સમિશન લાઈન પસાર થનાર છે. જેમાં જમીન ગુમાવનાર ખેડૂતોને સરખો ન્યાય મળે, અને સરકાર તરફથી વળતરનાં નિયમો જાહેર કરવામાં આવે તેવી માંગણી સાથે આજે ખેડૂતોએ જિલ્લા કલેકટરને રજૂઆત

ઓલપાડ , કામરેજ, માંગરોળ, બારડોલી, પલસાણા, મહુવા, માંડવી, તાલુકા સહિતના ખેડૂત પરિવારોનો વીજનિગમની દાદાગીરીં સામે ઉકળાટ

કરી હતી. જેમાં ખેડૂત અગ્રણી જયેશ પટેલ, રમેશ પટેલ સહિતનાં ખેડૂતોએ કલેકટરને રજૂઆત કરતા જણાવ્યું હતુ કે વીજ ટાવર લાઈન બાબતે વળતર નક્કી કરવા માટે ડિસ્ટ્રીક્ટ લેવલ વેલ્યુએશન કમિટી જે બનાવવામાં રાજય સરકાર દ્વારા જ વળતરની નિતી નક્કી કરે તેવી માંગણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ખેડુત આગેવાન જયેશ પટેલએ જિલ્લા કલેકટર સમક્ષ ડીએલવીસીનો હુકમ મોકુફ રાખવાની માંગણી કરી હતી.

ગુજરાત રાજ્ય
નર્મદા જળસંપતી પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ટેન્ડર જાહેર નિવિદા નં.૨૦ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત નહેર વિભાગ, બીજો માળ, સિંચાઇ ભવન, લુઈસ કોન્વેટ સ્કુલની બાજુમાં, અડવાલાઇન્સ, સુરત- ૩૯૫૦૦૭. ફોન નં (૨૬૩૫- ૨૬૬૮૦૧૬) ની ક્યેરીએથી વિભાગ હેઠળના મરાયમના કુલ ૦૭ કામો જેઓની અંદાજીત કિંમત રૂ.૨.૧૬ લાખ સુધીની છે તે કામો માટેના સિલબંધ ટેન્ડરો ગુજરાત સરકારમાં નોંધાયેલા "ઈ-૨" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી મંગાવવામાં આવે છે.

કામનાં કોરા ટેન્ડરો અરજી સાથે નિયત ટેંડર ફી, માન્ય રજીસ્ટ્રેશન, પાનકાર્ડ, જી.એસ.ટી રજીસ્ટ્રેશન તથા સોલંવંશી વગેરેની પ્રમાણીત નકલ રજુ કર્યેથી તા.૨૭-૦૧-૨૦૨૬ રોજ ૧૭.૦૦ કલાક સુધી આપવામાં આવશે. ભાવો ભરેલા ટેન્ડરો તા.૦૫-૦૨-૨૦૨૬ નાં રોજ ૧૭.૦૦ કલાક સુધી રજુ.એ.પી.ડી./સ્પીડ પોસ્ટ થી જ સ્વીકારવામાં આવશે. ભરેલા ટેન્ડરો સાથે બાનાની રકમ પેટે કામની અંદાજીત કિંમતની ૧% પ્રમાણેની રકમની કાર્યપાલક ઈજનેર, સુરત નહેર વિભાગ, સુરત ના નામની માન્ય બેંક ની એફ.ડી.આર અવશ્ય જોડવાની રહશે. ભરાઈને આવેલા ટેન્ડરો શક્ય હશે તો તા.૦૬-૦૨-૨૦૨૬ નાં રોજ ૧૨.૦૦ કલાકે હાજર રહેલ ઇજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ પર જોવા મળશે. વધુ વિગતો માટે રજાના દિવસો સિવાય કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

ક્રમાંક: માહિતી-સુરત/૧૩૦૭/૨૦૨૬

ઇન્ડિયન ઓવરસીઝ બેંક Indian Overseas Bank Good People To Grow with

ઈન્ડિયન ઓવરસીઝ બેંક - કતારગામ શાખા
પ્લોટ નંબર ૪-૫ બાવરીસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નહુ જુગાઈડિસી સામે, હુલપાડા રોડ, એ.કે.રોડ, સુરત-૩૬૫૦૦૮ ફોન: ૦૨૬૧-૪૪૮૧૧૨૨,
ઈમેલ: iob2884@iob.in

પરિશિષ્ટ-૬ નિયમ-૮(૧) કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી ઈન્ડિયન ઓવરસીઝ બેંક દ્વારા સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ તથા સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ નાં નિયમ ૩ સાથે વંચાતી સેકશન ૧૩(૨) અંતર્ગત મળેલ સત્તાની રૂએ તા. ૦૩.૧૦.૨૦૨૫ નાં રોજ ડિમાંડ નોટીસ જારી કરીને કરારદાર શ્રી લક્ષ્મણભાઈ નોગાભાઈ ચાવડા , રહેવાંક સરનામુ: બી-૩૩, શિવ આવાસ, નર્મદ નગર કામરેજ, સુરત ૩૯૨૧૦૦ (ત્યાર બાદ કરારદાર તરીકે ઓળખવામાં આવશે) ને ડિમાંડ નોટિસમાં દર્શાવેલ લહી નીકળતી રોકડી રકમ રૂા. ૧૨,૨૮,૧૨૯/- (રૂપિયા બાર લાખ અઠ્ઠીમાવીસ હજાર એકસો ઓગણત્રીસ પુરા) તા. ૦૩.૧૦.૨૦૨૫ ના રોજ વધુ વ્યાજ કરાર દર, ચાર્જીસ વગેરે વસુલાતની તારીખ સુધીમાં ચર્ચા વગેરે જરાયતેલ ચૂકવના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ભરપાઈ કરવા જણાવેલ છે.

તમો કરારદાર જે રકમ ચુકતે કરવામાં નિષ્ફળ થયેલ છે જેથી, આથી કરારદાર તથા જાહેરજનતાને સુચિત કરવામાં આવે છે કે , નીચે સહી કરનારે ઉપરોકત અધિનયમના કલમ ૮ સાથે વાંચતા તેમને/તેઓને કલમ ૧૩(૪) અન્વયે પ્રાપ્ત અધિકારોની રૂએ, નીચે વિસ્તૃત વર્ણન મુજબની મિલકતનો સાંકેતિક કબ્જો તા. ૦૨.૦૧.૨૦૨૬ ના રોજ લીધેલ છે.

કરારદાર તથા જાહેર જનતાને સદર મિલ્કત સંદર્ભે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે તેમજ જો કોઈ પણ વ્યવહાર કરશે તો સદર વ્યવહાર ઈન્ડિયન ઓવરસીઝ બેંક ની લેણી રકમ ૧૨,૨૮,૧૨૯/-(રૂપિયા બાર લાખ અઠ્ઠીમાવીસ હજાર એકસો ઓગણત્રીસ પુરા) તા. ૦૨.૦૧.૨૦૨૬ ના રોજ તેના પરના વ્યાજ તે કરેલ કરાર દર અને સમાંતિ મુજબના દર, ચાર્જીસ વગેરે સાથે ચુકવપાત્ર રકમ વસુલાતની તારીખ સુધી જો કોઈ ઓછી ચુકવણી હોય તો તે ડિમાન્ડ નોટિસ જારી કર્યા પછી. કરારદારે લેવાની તારીખે ચુકવપાત્ર લેણાં રૂા. ૨૩,૮૪૬/- (રૂપિયા તેતાલીસ હજાર આઠસો ઓગણપચ્ચાસ પુરા) છે. કરારદારે લીધાની તારીખે ચુકવપાત્ર બાકી રકમ રૂા. ૧૨,૨૭,૨૮૩/- (રૂપિયા બાર લાખ સત્તાવીસ હજાર બસો ઓગણત્રીસ પુરા) છે જે ચુકવણીની તારીખ સુધી કરારના દરો અને બાકીના ચાર્જીસ વગેરે પર પડતાના વ્યાજ સાથે ચુકવવાપાત્ર છે.

સિક્યોર્ડ એસેટ્સને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય અંગે એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ પ્રત્યે કરારદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકત નું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો વિનિમયતો આવેલ તે પ્લોટ નં. બી/૩૩, શેજલ પ૮.૮૦ ચોરસ ફુટ એટલે કે ૫૫.૫૫ ચોરસ મીટર જે 'શિવ આવાસ શ્રી-ઓપ હાઉસિંગ સોસાયટી વિભાગ-૨' તરીકે ઓળખાય છે, તેનુ બાંધકામ વિના ખેતીવાલાયક જમીન પર કરેલ તી રેવન્યુ સર્વે નં. ૨૭૬ જે બ્લોક નં. ૪૧૩, મે રેવન્યુ સર્વે નં. ૪૭૭ જે બ્લોક નં. ૪૪૪, મોજે ગામ કામરેજ, તાલુકો કામરેજ, જીલ્લો સુરત ખાતે આવેલ છે જે શ્રી લક્ષ્મણભાઈ નોગાભાઈ ચાવડા નુ છે વેચાણ દસ્તાવેજ નં. ૧૮૨૫૮ તા. ૦૯.૦૮.૨૦૨૬ મુજબ તેના પરના તમામ હક્ક સાથે અને ચતુર્સીમા: પૂર્વ: પ્લોટ નં. બી/૩૮, પશ્ચિમ: ૧૮ ફુટ રોડ, ઉત્તર: પ્લોટ નં. બી/૩૨ (જમીન), દક્ષિણ: પ્લોટ નં. બી/૩૪ પેઢી જમીન.

તારીખ: ૦૨.૦૧.૨૦૨૬
સ્થળ: ક્તારગામ, સુરત

નોંધ: વિગતવારી સિક્યોર્ડ લન નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

અધિકૃત અધિકારી
ઈન્ડિયન ઓવરસીઝ બેંક

સંક્ષિપ્ત સમાચાર



સુરતની ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલમાં રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓની ઉજવણી

સુરતઃ જી.ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કુલ, સુરતે તાજેતરમાં શૈક્ષણિક સત્ર દરમિયાન વિદ્યાર્થીઓની રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓની ગૌરવભેર ઉજવણી કરી હતી. આ સિદ્ધિઓ યુવા પ્રતિભાને પ્રોત્સાહન આપવાની, શિસ્ત વિકસાવવાની તથા રમતગમત દ્વારા સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરવાની શાળાની મજબૂત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા (અન્ડર-17 અને અન્ડર-19 બોયઝ) માં શાળાના પાંચ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દ્રઢતા અને શક્તિ સાથે પ્રતિનિધિત્વ કર્યું. તેમની શાનદાર કામગીરીના પરિણામે ત્રણ પ્રથમ સ્થાન, બે દ્વિતીય સ્થાન અને ત્રણ તૃતીય સ્થાન પ્રાપ્ત થયા, તેમજ બે વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયા.આ ઉપરાંત, ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની સ્વીમીંગ સ્પર્ધા (અન્ડર-19 ગર્લ્સ) માં શાળાની એક વિદ્યાર્થિનીએ તૃતીય સ્થાન મેળવી પોતાની ઉત્કૃષ્ટતા અને અડગ પરિશ્રમનું પ્રદર્શન કર્યું. બાસ્કેટબોલમાં, ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની સ્પર્ધા (અન્ડર-17 બોયઝ) માં નવ વિદ્યાર્થીઓએ ભાગ લઈ શહેર કક્ષાએ પ્રથમ સ્થાન હાસલ કર્યું, તેમજ બે વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયા. આ ઉપરાંત, એસ.જી.એફ.આઈ. ફૂટબોલ રાજ્ય કક્ષાની સ્પર્ધા (અન્ડર-17 અને અન્ડર-19 બોયઝ) માં ગણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું, જેમાંથી બે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કેમ્પ માટે પસંદ થયા, જે તેમની રમતગમત યાત્રામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

ઘ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ કલા મહાકુંભ 2025-26 રાજ્ય કક્ષાની લોક નૃત્ય કલામહાકુંભ સ્પર્ધા મા ત્રીજો ક્રમ મેળવ્યો છે. તેમણે રાજ્ય સ્તરે તેમની કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું હતું. કલા મહાકુંભ 2025-26 એક પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક પહેલ છે જે યુવા કલાકારોને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક મંચ પ્રદાન કરે છે. આ સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓએ તેમની કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કરીને રાજ્ય સ્તરે તેમની પ્રતિભા દર્શાવી છે.

આજે અંગારકી યોથ, રાંદેર રોડ સિધ્ધિ વિનાયક ગણપતિ મંદિરમાં સવારે ૯ કલાકથી ગણેશયાગ

સુરતઃ આવતીકાલ તા.૬ જાન્યુઆરી ને મંગળવારે અંગારકી યોથનો મહાપૂણ્યશાળી યોગ હોય, સુરતના પાલ પાટિયા સ્થિત સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિર ખાતે ગણેશ યાગનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ કલાકે ગણેશ યાગ શરૂ થશે અને સાંજે ૪ કલાક બાદ તેની પૂર્ણાહુતિ કરવામાં આવશે. તદુપરાંત સાંજે ૭ કલાકે મહામારતી અને રાત્રે ૮ કલાકે સમૂહ હનુમાન ચાલિસા ગાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી નીતિન મહેતાએ જણાવ્યું હતું કે મંગળવાર સાથે વદ-યોથ આવે તેને અંગારકી યોથ કહેવાય છે. જેને બીજા શબ્દોમાં સંકટ ચતુર્થી એટલે કે, સંકટમાંથી મુક્ત કરવાવાળી યોથ તરીકે પણ ઓળખવામાં આવે છે. સંકટ ચતુર્થી એટલે ચતુર્થી જે સંકટને હરાવે છે. આ દિવસે ભક્તો વિધિ મુજબ ભગવાન ગણેશની પૂજા કરે છે. માન્યતા છે કે આ વ્રત કરવાથી ભક્તોના તમામ દુખ દૂર થાય છે અને ભગવાન વિનાયક તમામ સંકટ હરે છે. દર મહિને પૂર્ણિમા પછી આવતી ચતુર્થીને સંકષ્ટી ચતુર્થી કહેવામાં આવે છે. જ્યારે અમાસ પછીની ચતુર્થીને વિનાયક ચતુર્થી કહેવામાં આવે છે.

કીમમાં ત્રણ લાખની લાંચ કેસમાં વકીલ ચિરાગ ગોંડલિયાના જામીન રદ

સુરતઃ ખોલવડના હિતેન્દ્ર ધનજી કાકડીયાના ભાઈ વિરૂદ્ધ કીમ પોલીસ સ્ટેશનમાં હનીટ્રેપ તથા ખોટી પોલીસની ઓળખ આપી બળજબરીથી પૈસા પડાવવા બદલ ગુનો નોંધાયો હતો. દરમિયાન કીમ પીઆઈ પ્રવિણસિંહ હરનાથસિંહ જોડેજાએ હિતેન્દ્ર કાકડીયાના ભાઈ વિરૂદ્ધ ગુજસીટોકની કલમનો ઉમેરો ન કરવા અને કલમો ઘટાડવા માટે તેમજ ઝડપી જામીન આપવા માટે વકીલ ચિરાગ ગોંડલીયા મારફતે હિતેન્દ્ર કાકડીયા પાસે ૩ લાખની લાંચ આપવાનું નક્કી થયું હતું. પીઆઈ પ્રવિણસિંહ જોડેજાના કહેવાથી આરોપી વકીલ ચિરાગ ગોંડલીયા હિતેન્દ્ર કાકડીયા પાસેથી ૩ લાખની લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપાઈ ગયો હતો. જેલમાં બંધ વકીલ ચિરાગ ગોંડલીયાએ જામીન અરજી કરી હતી. સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ એસીબીએ જામીન અરજીના વિરોધમાં કરેલી એફીડેવીટના આધારે દલીલો કરી હતી. કોર્ટે આરોપીના જામીન નકારી કાઢ્યા હતા.

વેસુમાં બાળકી સાથે છેડછાડ કેસમાં આધેડને સાત વર્ષની કેદ

સુરત, તા.૫

વેસુ ખાતે શ્રમજીવી પરિવારની ૮ વર્ષીય દીકરી સાથે શારીરિક છેડછાડ કરવાના કેસમાં પાડોશી ભિલ્ડીંગમાં રહેતા આધેડને સુરત કોર્ટે ૭ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો.



પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વેસુ ખાતે શ્રમજીવી પરિવાર રહે છે. આ પરિવારની ૮ વર્ષીય દીકરી ગત.તા.૧૮-૧૨-૨૦૨૪ના રોજ બપોરે ઘર નજીક રમી રહી હતી. ત્યારે બાજુની ભિલ્ડીંગમાં રહેતો યુવીયસી આધેડ આ સગીર દીકરીને પોતાની સાથે પોતાના રૂમ તરફ લઈને જઈ રહ્યો હતો. તે સમયે સ્થાનિક મહિલાએ આધેડ સગીરાને પોતાની સાથે લઈ જતો હોય તે જોઈ લેતા સ્થાનિક મહિલાએ સગીરાની માતાને જાણ કરી હતી. જેથી માતાએ પોલીસ સ્ટેશનમાં આધેડ વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે જાતીય સતામણી અને પોક્સોનો ગુનો નોંધ્યો હતો.

આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી રહી. બચાવ પક્ષે બચાવ લીધો હતો કે, ફરિયાદીની સોસાસાયટીમાં તમામ ઘરો એકજ જ્ઞાતીના લોકોના છે. અને આરોપીનું અને બીજું એક ઘર અન્ય જ્ઞાતિના લોકોનું છે એટલે સોસાયટીના માણસોએ આરોપીનું ઘર ખાલી રાવવું હોવાથી હાલનો ખોટો બનાવ ઉભો કર્યો છે. ફરિયાદ પક્ષ તરફે કુલ ૮ સાક્ષેદારો મૌખિક પુરાવો તેમજ ૧૨ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપીને મહત્તમ સજા કરવા સરકારી વકીલ દિપેશ દવેએ દલીલો કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લીધા હતા. ફરિયાદ પક્ષ કેસ સાબીત કરવામાં સફળ રહ્યો હતો. કોર્ટે આરોપી પાડોશી આધેડને કસુરવાર ઠેરવી ૭ વર્ષની સજા અને ૩૫ હજારનો દંડ કટકારતો હુકમ ફરમાવ્યો હતો.

રેલવેમાં સતર્કતા અભિયાન: વિવિધ ગુનાના 20 આરોપી જેલભેગા કરાયા

સુરત, તા.૫

નવા વર્ષની શરૂઆત સાથે મુસાફરોની સુરક્ષા